**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૨/૦૮/૨૦૧૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી ૩૧૩ લીટર દેશી દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬,૧૯,000/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૭ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૧/૧૬**

**પાલડીઃ** નિરવ ગુણવંતભાઈ શાહ (રહે.આનંદનગર સોસાયટી પાલડી) એ તા.૧૨/૮/૧૬ રાતના ૧૦/૦૦ વાગે પાલડી ભઠ્ઠા અભિષેક ફ્લેટના મુખ્ય દરવાજા નજીક પોતાની વેગન આર કાર નંબર જીજે ૧ એચ કે ૧૩૫૧ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૩/૮/૧૬ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નિરવ શાહે તા.૨૧/૮/૧૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે વી રાણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૨/૧૬**

**"જી" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧) ઝુહીલ રતીલાલ ઝાલાવડીયા (રહે.મનહરનગર વિભાગ-૨ બાપુનગર) એ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** ઝુહીલના ભાઈ પાર્થ રતીલાલ ઝાલાવડીયા (ઉ.વ.૨૦) તા.૨૦/૮/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઠક્કરનગર રોડ રાજાવીર સોસાયટીના નાકેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા પાર્થને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી ડી ચૌધરી ચલાવે છે.

**(૨) સંતોષભાઈ ગોવિંદભાઈ મોરે (રહે.ગંગોત્રી સોસાયટી એસ.ટી.વર્ક શોપની બાજુમાં નરોડા) એ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે** સંતોષભાઈના પિતા ગોવિંદભાઈ મોરે તા.૮/૮/૧૬ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પ્રભાકર ચાર રસ્તા નજીકથી સ્કુટી ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીવાય ૨૧૨૮ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટીને ટક્કર મારતા ગોવિંદભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે આનંદ સર્જીકલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૮/૧૬ નારોજ તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી ડી ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**(૩) રામસિહ ગેમાજી ચૌહાણ (રહે.મરચી કુઈ લાટ ગામ દેવડી તાલુકો દસક્રોઈ જીલ્લો અમદાવાદ) એ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રામસિહના** ભાઈ દિનેશભાઈ (ઉ.વ.૩૪) તા.૨૦/૮/૧૬ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે દાસ્તાન સર્કલથી બિલાચીયા રીંગ રોડ હિન્દુસ્તાન પેટ્રોલપંપ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૬ એફક્યુ ૫૯૦૫ ના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા દિનેશભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૧/૮/૧૬ કલાક ૦૦/૩૦ વાગે મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી ડી ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૩/૧૬**

**નવરંગપુરાઃ** પ્રતિક સુર્યકાન્ત પટેલ (ઉ.વ.૨૩) (રહે.બાલાજીની ખડકી ઉગમણો દરવાજો સિલોદરા આણંદ) એ અગમ્ય કારણસર તા.૨૧/૮/૧૬ બપોરના ૨/૫૫ વાગ્યાના સુમારે સેલ્સ ઈન્ડીયાની પાછળ દિનેશ હોલ પાસે રૂદ્ર રેજન્સી હોટલ રૂમ નંબર ૨૦૪ માં પંખાના હુકમાં કપડાનો પટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બી એમ પાંડોર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)